## વંચાણે લીધા :

(૧) પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૪૭૫/૨૦૧૬ તા.૧૩/૦૪/૨૦૧૬

(૨) પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૪૭૮/૨૦૧૬ તા.૨૦/૦૪/૨૦૧૬

(૩) પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૪૮૦/૨૦૧૬ તા.૨૧/૦૫/૨૦૧૬

# જાહેરનામું

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૯૫૦/૨૦૧૬

## તા.૨૫/૦૮/૨૦૧૬

હું, શિવાનંદ ઝા,I.P.S., પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને. ૧૯૫૧ નંબર ૨૨ ની પેટા કલમ (૩૩) (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેરમાં આવેલ ઇસ્કોન ચાર રસ્તા પર ટ્રાફીક સરળતાથી ચાલે તે માટે ઇસ્કોન ચાર રસ્તા આસપાસના સર્વિસ રોડને પ્રાયોગિક ધોરણે "વન-વે" જાહેર કરવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

## હુકમ :-

અમદાવાદ શહેરમાં આવેલ ઇસ્કોન ચાર રસ્તા ખાતે સર્વિસ રોડ ઉપર મુખ્ય રોડની વિરુદ્ધ દિશામાં ઘણો ટ્રાફીક પસાર થાય છે. જે વાહનો ઇસ્કોન ચાર રસ્તાથી પસાર થઇ મુખ્ય રોડ પરના ટ્રાફીકથી વિરુદ્ધ દિશામાં સર્વિસ રોડ પર જાય છે. સર્વિસ રોડની પહોળાઇ મુખ્ય રોડ કરતાં ઓછી હોવાથી જંકશન ક્રોસ કરીને સર્વિસ રોડ ઉપર જવાનો પ્રયત્ન કરવાના કારણે મુખ્ય જંકશન પરનો ટ્રાફીકનો પ્રવાહ અટકે છે. જો ઇસ્કોન જંકશન આસપાસના સર્વિસ રોડને જો પીક અવર્સ દરમ્યાન વન-વે જાહેર કરવામાં આવે તો ટ્રાફીકની આ સમસ્યાનું નિરાકરણ અને ટ્રાફીક ઘણો સરળતાથી પસાર થઇ શકે તેમ છે. આથી નીચે જણાવેલ સર્વિસ રોડને સવારના કલાક ૦૯.૦૦ થી ૧૧.૦૦ સુધી અને તેમજ સાંજના કલાક ૧૭.૦૦ થી ૨૧.૦૦ સુધી પીક અવર્સ દરમ્યાન જણાવેલ દિશામાં પ્રાયોગિક ધોરણે તા.૩૧/૧૨/૨૦૧૬ સુધી "વન વે" જાહેર કરવામાં આવે છે.

(૧) <u>વાઇઝ મેન હાઉસ થી કાર પ્લસ થઇ એસ્ટ્રોન સ્ક્વેર સુધીનો સર્વિસ રોડ</u> :

- વાઇઝ મેન હાઉસથી કાર પ્લસ થઇ બાલેશ્વર સ્કવેરથી એસ્ટ્રોન સ્ક્વેર સુધી જઇ શકાશે પરંતુ એસ્ટ્રોન સ્ક્વેરથી હૈદ્રાબાદી બિરયાની કટ તરફ વિરુદ્ધ દિશામાં જઇ શકાશે નહી.

(૨) <u>ઇસ્કોન ચાર રસ્તા ક્રોમા ઇલેક્ટ્રોનિક્સથી દેવ આર્કેડ મોલ થઇ વાઇડ એન્ગલ થઇ પંચરત્ન પાર્ટી પ્લોટ સુધીનો સર્વિસ રોડ</u> :

- ઇસ્કોન ચાર રસ્તા ક્રોમા ઇલેક્ટ્રોનિક્સથી દેવ આર્કેડ મોલ થઇ વાઇડ એન્ગલ થઇ પંચરત્ન પાર્ટી પ્લોટ સુધી જઇ શકાશે પરંતુ વિરુદ્ધ દિશામાં જઇ શકાશે નહી.
- પંચરત્ન પાર્ટી પ્લોટથી ક્રોમા ઇલેક્ટ્રોનિક્સ તરફ જઇ શકાશે નહી.

(૩) <u>ઇસ્કોન ચાર રસ્તા એશ્વર્યા લાઇફ સ્ટાઇલથી ઇસ્કોન મંદીર થઇ ઇસ્કોન મોલ થઇ ડેકોર સ્ટોર થઇ રાજપથ પાર્ટી પ્લોટ કટ સુધીનો સર્વિસ રોડ</u> :

➢ ઇસ્કોન ચાર રસ્તા એશ્વર્યા લાઇફ સ્ટાઇલથી ઇસ્કોન મંદીર થઇ ઇસ્કોન મોલ થઇ ડેકોર સ્ટોર થઇ રાજપથ પાર્ટી પ્લોટ કટ સુધી જઇ શકાશે પરંતુ વિરુદ્ધ દિશામાં જઇ શકાશે નહી.

➢ રાજપથ પાર્ટી પ્લોટ કટથી એશ્વર્યા લાઇફ સ્ટાઇલ તરફ જઇ શકાશે નહી.

(૪) <u>પકવાન ડાઇનીંગ હોલથી એશિયન બેરીયાટ્રીક્સ થઇ હૈદ્રાબાદી બિરયાની કટ સુધીનો સર્વિસ રોડ:</u>

➢ પકવાન ડાઇનીંગ હોલથી એશિયન બેરીયાટ્રીક્સ થઇ હૈદ્રાબાદી બિરયાની કટ તરફ આવી શકાશે પરંતુ વિરુદ્ધ દિશામાં હૈદ્રાબાદી બિરયાની કટથી પકવાન ડાઇનિંગ હોલ તરફ જઇ શકાશે નહી.

આ જાહેરનામાનો અમલ તા.૩૧/૧૨/૨૦૧૬ સુધી સવાર કલાક ૦૯.૦૦ થી ૧૧.૦૦ અને સાંજના કલાક ૧૭.૦૦ થી ૨૧.૦૦ દરમ્યાનના સમયગાળા માટે કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ (બી) (૪) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા.૨૫/૦૮/૨૦૧૬ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા.૨૫/૦૮/૨૦૧૬
અમદાવાદ.

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

<u>નકલ સવિનય રવાના :</u>

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.

(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.

(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ, (૫ નકલ)
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર. (૫ નકલ)
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર (૫ નકલ)
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર. (૫ નકલ)

(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.

(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર

(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર

(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

<u>નકલ રવાના :-</u>

(૧) સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક ,